જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦


તા.૨૭/૧૨/૨૦૧૬ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-

### ચાંદખેડા પોલીસ સ્ટેશનઃ-

અગામી ૩૧ ડીસેમ્બર અનુસંધાને પોલીસ કમિશનર સાહેબશ્રી અમદાવાદ શહેર નાઓ તથા સેક્ટર-૧ સાહેબશ્રી નાઓના હુકમના આધારે નાયબ પોલીસ કમિશનરશ્રી ઝોન-૨ તથા મદદનિશ પોલીસ કમિશનર સાહેબશ્રી એલ ડીવીજન નાઓની સુચનાથી પ્રોહીની પ્રવૃતી ડામવા સારૂ નાકાબંધી પોઈન્ટો ઉપર સઘન વાહન ચેકીંગ ગોઠવેલ જે આધારે આજરોજ તા.૨૭/૧૨/૧૬ રાતના સમયે તપોવન સર્કલ પોઈન્ટ ઉપર ચાંદખેડા પોસ્ટેની પી.સી.આર. નંબર-૨૫ ના ઈન્ચાર્જ દિગ્વિજયસિહ કાળુસિહ તથા સ્ટાફના માણસોને વાહન ચેકીંગ દરમ્યાન એક લકઝરી બસ નંબર આરજે ૨૭ પીએ ૫૯૨૧ ની ડેકીમાંથી પરપ્રાંતની વિદેશી દારૂની ૭૫૦ મીલીની જુદીજુદી બ્રાન્ડ કુલ બોટલ નંગ-૧૩ કિમત રૂપિયા ૧૦,૩૪૬/- મળી આવતા પ્રોહી.નો ગુનો નોધી લકઝરી બસ કબજે લઈ લકઝરી બસના ડ્રાયવર બલવીરસિંગ વિજયસિહ ઝાલા (ઉ.વ.૩૫) (રહે.ગામ બાલાસણ તા.વલ્લભનગર જી.ઉદેપુર રાજસ્થાન) ને અટક કરેલ છે.

આ લકઝરી બસમાં પો.સ.ઈ.શ્રી એચ.બી. ચાવડા તથા તેમના સ્ટાફના માણસો ચેકીંગ કરતા હતા ત્યારે બસમાંથી મુસાફર તરીકે બેસેલ દિનેશ જેશારામ પ્રજાપતિ ઉ.વ.૨૬ રહે ટંકશાળની પોળ અરવિન્દ આગડીયા પેઢી કાલુપુર મુળ ગામ સોલી તા.શીવગંજ જી. શીરોહી રાજસ્થાન પાસે થી ત્રણ થેલા મળી આવ્યા હતા. જેમાં પાર્સલોમાં ચાંદીના દાગીના તથા ચોરસા કુલ ૫૪ કિલો ૧૪ ગ્રામ કિમત રૂપિયા ૨૫,૪૧,૬૦૦/- અને રોકડ રૂપિય ૧,૫૫,૩૫૦/- મળી કુલ રૂપિય ૨૬,૯૬,૯૫૦ નો મુદ્દામાલ કબજે કરી આરોપીને સી.આર.પી.સી ૪૧ (૧) ડી મુજબ અટક કરી વધુ તપાસ હાથ ધરી છે.

### ચીંટીગના ગુનામાં નાસતા ફરતા આરોપીને પકડી પાડતી અમદાવાદ શહેર એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ

**સંયુક્ત પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમીશનર શ્રી એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા પોલીસ ઇન્સ્પેકટર શ્રી એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓએ મીલકત સંબધી બનેલ ગુના શોધી કાઢવા તેમજ નાસતા ફરતા આરોપીઓને પકડવા આપેલ સુચના મુજબ અમદાવાદ શહેર વિસ્તારમાં એસ.ઓ.જી. ટીમના અધિકારીશ્રીઓની ટીમો પેટ્રોલીંગમાં હતી. દરમ્યાન બરોડા એક્સપ્રેસ હાઇવે સી.ટી.એમ. આગળ આવતાં સાથેના એ.એસ.આઇ. જસવંતસિંહ પુંજેસિંહ તથા પો.કો.કેતનકુમાર રમણલાલ નાઓને સંયુક્ત બાતમી હકીકત આપેલ જે આધારે ઉપરોકત જગ્યાએથી આરોપી અનીલકુમાર કાનજીભાઇ ઠક્કર ઉવ.૪૮ ધંધોઃ વેપાર રહે, સી/૧, સુર્યરથ એપાર્ટમેન્ટ, બરોડા એક્સપ્રેસ હાઇવે નીચે, સીટીએમ, અમદાવાદ શહેર નો મળી આવેલ. જેની પુછપરછ કરતાં પોતે અમરાઇવાડી પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૯૪/૧૬ ઇપીકો કલમ ૪૦૬, ૪૨૦, ૧૨૦(બી), ૧૧૪ મુજબના ચીટીંગમાં ગુનામાં નાસતો ફરતો હોવાની હકીકત જણાવેલ. જેથી આરોપીને આજરોજ તા.૨૭/૧૨/૨૦૧૬ ના કલાક ૧૪/૧૦ વાગે સીઆરપીસી કલમ ૪૧(૧) આઇ મુજબ અટક કરી આગળની વધુ તપાસ અર્થે આરોપી તથા જરુરી કાગળો અમરાઇવાડી પોલીસ સ્ટેશન તરફ મોકલી આપવા તજવીજ કરવામાં આવેલ છે.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)